રજુ તારીખ : ૧૦/૦૨/૨૦૨૬
દાખલ તારીખ : ૧૦/૦૨/૨૦૨૬
ફેંસલ તારીખ : ૧૭/૦૩/૨૦૨૬
અવધિ : <u>વર્ષ</u> <u>માસ</u> <u>દિવસ</u>
૦૦ ૦૧ ૦૭

**આંક– ૬**

---

**ભાવનગરના મે.૩'જા એડી. ડિસ્ટ્રીકટ & સેશન્સ જજ સાહેબની કોર્ટમાં**

---

**ફોજદારી પરચુરણ અરજી નં.૨૭૮/૨૦૨૬**

---

**અરજદાર –** **કોમલબેન આનંદભાઈ ત્રિવેદી,**
ઉ.વ.આ.૩૪, ધંધો–ઘરકામ તથા સમાજસેવા,
રહે. ફલેટ નં.૨૦૩, ભગવાનેશ્વર કોમ્પ્લેક્ષ, એરપોર્ટ રોડ,
સુભાષનગર, ભાવનગર.
તા.૧૯/૧૨/૨૦૨૫ થી જિલ્લા જેલ, ભાવનગર.

**વિરુધ્ધ**

**સામાવાળા–** **શ્રી સરકાર**

---

**બાબત : બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ હેઠળ રેગ્યુલર જામીન અરજી.**

---

અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી ડી.એમ.ડાભી.
સામાવાળા તર્ફે વિ.એ.પી.પી.શ્રી સી.એમ.પરમાર.

---

**<u>:: જજમેન્ટ ::</u>**

(૧) આ કામના અરજદાર/આરોપી તર્ફે ઘોઘારોડ પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૧૯૮૦૦૬૨૫૨૬૧૨/૨૦૨૫ થી નોંધાયેલ ભારતીય દંડ સંહિતાની કલમ–૪૦૬, ૩૮૮, ૫૦૪ મુજબના ગુન્હાના કામે રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા માટે હાલની અરજી બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ હેઠળ કરેલ છે.

(૨) સદર જામીન અરજી સંદર્ભે સામાવાળાને નોટીસ કરતા શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી તપાસ કરનાર અમલદારના સોગંદનામા સાથે

હાજર થયેલ છે. ત્યારબાદ અરજી અનુસંધાને સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી તથા અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રીની દલીલો સાંભળવામાં આવી.

(૩) અરજદાર/આરોપીના વિ.વ.શ્રીને સાંભળ્યા તેઓએ પોતાની દલીલમાં જણાવેલ છે કે, આ કામના અરજદાર/આરોપી તદન નિર્દોષ છે અને કહેવાતો કોઈ ગુન્હો કરેલ નથી. અરજદાર/આરોપી સામે આક્ષેપિત ગુન્હાના કામે ઇ.પી.કો. કલમ-૩૮૮ માં વધુમાં વધુ ૧૦ વર્ષની સજાને પાત્ર ગુન્હો છે અને જામીન લાયક ગુન્હો છે. ફરિયાદીએ લાંબા સમય બાદ ફરિયાદ નોંધાવેલ છે અને તે અંગેનો કોઈ ખુલાસો કરેલ નથી. સદર ગુન્હાના કામે તપાસ પૂર્ણ થઇ ગયેલ છે અને ફોજદારી કેસ નં.૬૦૧/૨૦૨૫ થી નોંધાયેલ છે. જેથી સાક્ષી પુરાવા સાથે ચેડા થવાની કોઇ સંભાવના નથી. આ કામે અરજદાર/આરોપી સામે અગાઉ નોંધાયેલ ગુન્હાઓ સંદર્ભે નામ. ગુજરાત હાઇકોર્ટના ૫.ફો.અ.નં.૨૩૫૩/૨૦૧૬ શૈલેષ ધનસુખભાઇ ઝવેરી વિ. સ્ટેટ ઓફ ગુજરાતનો ચુકાદો ધ્યાને લેતાં આરોપી સામે ૧૯ ગુન્હા દાખલ થયેલા હતા અને તે મુજબ ગુન્હા દાખલ થાય તો આરોપી બની જતા નથી. જે હકીકત ધ્યાને લઇ અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવા વિનંતી કરેલ છે. વધુમાં દલીલ કરી જણાવેલ છે કે, અરજદાર/આરોપી સ્ત્રી વર્ગના અને નાની ઉંમરના છે. જેથી ૧૯૯૩(૨) જી.એલ.આર. પેજ નં.૧૧૪૮ ઇલાબેન ડો./ઓ. દિપકકુમાર શાહ વિ. સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદા મુજબ સ્ત્રી સભ્યને ઇ.પી.કો. કલમ ૩૦૨ ના કામે પણ જામીન ઉપર મુકત કરેલ છે. જેથી હાલના ગુન્હાના કામે પણ અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવા વિનંતી કરેલ છે. વધુમાં, દલીલ કરી જણાવેલ છે કે, અરજદાર/આરોપી અરજીમાં જણાવેલ સરનામાના કાયમી રહેવાસી છે અને કયાંય નાસી ભાગી જાય તેવા ઇસમ નથી. જો અરજદાર/આરોપીને વધુ સમય જયુડીશ્યલ કસ્ટડીમાં રાખવામાં આવે તો પ્રિ-ટ્રાયલ કન્વીકશન થાય તેમ છે. તેમજ અરજદાર/આરોપી નામ. કોર્ટ ફરમાવે તે તમામ શરતોનું પાલના કરવા ખુશી છે. તે તમામ સંજોગોમાં અરજદાર/આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા વિનંતી કરેલ છે.

(૪) સામાવાળા તર્ફે વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા. તેઓએ તેમની દલીલમાં જણાવેલ છે કે, અરજદાર/આરોપી સામે ભારતીય દંડ સંહિતાની

કલમ-૪૦૬, ૩૮૮, ૫૦૪ મુજબના ગંભીર ગુન્હાના આક્ષેપો છે. તેમજ ફરિયાદીએ અરજદાર/આરોપીના નામજોગ ફરિયાદમાં આક્ષેપો કરેલ છે અને અરજદાર/આરોપીએ ફરિયાદી પાસેથી અધેવાડાની જમીન ચોખ્ખી કરાવી આપવા જણાવી પૈસા માંગેલ છે. તેમજ ફરિયાદીને બળાત્કારના ગુન્હામાં ફીટ કરાવવાની ધમકી આપેલ છે. તપાસના કામે પુરતો પુરાવો જણાઇ આવતા ચાર્જશીટ કરવામાં આવેલ છે. અરજદાર/આરોપી સામે પ્રથમદર્શનીય કેસ છે. અરજદાર/આરોપી સામે ભુતકાળમાં કુલ પાંચ ગુન્હા નોંધાયેલ છે. અરજદાર/આરોપી આ પ્રકારના ગુન્હા કરવાની ટેવવાળા છે. જો અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવે તો ફરીથી આ પ્રકારની ગુન્હાહિત પ્રવૃત્તિ ચાલુ રાખે અને ફરિયાદી તથા સાહેદોને ધાક ધમકી આપે અને પુરાવા સાથે ચેડા થવાની પુરેપુરી શકયતા છે. તેમજ ટ્રાયલ સમયે અરજદાર/આરોપીની હાજરી શકય જણાતી નથી. તેમજ અરજદાર/આરોપી ધ્વારા અગાઉ એફ.આઇ.આર. આધારિત જામીન ઉપર મુકત થવા માટે પ.ફો.અ.નં.૧૯૩૩/૨૦૨૫ દાખલ કરવામાં આવેલ જે અત્રેની કોર્ટ ધ્વારા નામંજુર કરવામાં આવેલ છે અને હાલ ચાર્જશીટ થઇ જવાથી કોઇ સંજોગો બદલાઇ જતા નથી. તે તમામ સંજોગોમાં અરજદાર/આરોપીની અરજી રદ કરવા વિનંતી કરેલ છે.

(૫) અરજી વંચાણે લીધી. તેમજ અરજદાર/આરોપી તરફે આંક-૩ થી રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લીધા. ઉભયપક્ષની રજુઆતો ધ્યાને લીધી. આંક-૦૪ થી રજુ તપાસ કરનાર અધિકારીનું સોગંદનામું વંચાણે લીધું. સદર કામે રેકર્ડ ધ્યાને લેતાં, આ કામના અરજદાર/આરોપી સામે ઘોઘારોડ પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૧૯૮૦૦૬૨૫૨૬૧૨/૨૦૨૫ થી ભારતીય દંડ સંહિતાની કલમ-૪૦૬, ૩૮૮, ૫૦૪ મુજબનો ગંભીર ગુન્હો નોંધાયેલ છે. ચાર્જશીટ તથા તપાસ કરનાર અધિકારીનું સોગંદનામું વંચાણે લેતાં, આ કામના અરજદાર/આરોપીએ આ કામના ફરિયાદીને અધેવાડા પાસે આવેલી રેવન્યુ સર્વે નં.૭૬ પૈકી ૨ ની જમીન ચોખ્ખી કરી આપવાનો ભરોસો આપી, તેઓને રેવન્યુ તેમજ મ્યુનિસ્પિલ કોર્પોરેશનમાં ઘણા મોટા ઓફીસરો સાથે ઓળખાણ હોવાનું જણાવી જમીનનું કામ ચોખ્ખુ કરાવી આપવાનો વિશ્વાસ

ઉભો કરી, આ જમીનના કામ પેટે ફરિયાદી પાસેથી ઉપરોકત વિગતે રૂા.૨૬,૦૦,૦૦૦/– મેળવી લઇ, તેમજ ત્યારબાદ ફરિયાદી પાસે કામ પેટે પૈસાની માંગણી ચાલુ રાખેલ. જેથી આ કામના ફરિયાદીએ કામ પુરુ થયા પછી બાકીના પૈસા આપવાનું જણાવતા આ કામના અરજદાર/આરોપીએ આ કામના ફરિયાદીને ગાળો આપી, બળાત્કારના ગુન્હામાં ફીટ કરાવી દેવાની ધમકી આપી, રૂા.૫,૦૦,૦૦૦/– બળજબરીથી કઢાવી, જમીન ચોખ્ખી કરાવી નહીં આપી, તેમજ ગાળો આપી, બળાત્કારના ગુનામાં ફીટ કરી દેવાની ધમકી આપી, ફરિયાદી પાસેથી કુલ રકમ રૂા.૩૧,૦૦,૦૦૦/– ઓળવી ગયેલ હોવાના આક્ષેપો છે. સદર ગુન્હાની તપાસના કામે અરજદાર/આરોપી સામે પુરતો પુરાવો જણાઇ આવતા ચાર્જશીટ કરવામાં આવેલ છે જે ફોજદારી કેસ નં.૬૦૧/૨૦૨૫ થી નોંધાયેલ છે અને ચિફ જયુડી. મેજી. કોર્ટ, ભાવનગરમાં પેન્ડીંગ છે. અરજદાર/આરોપી સામે પ્રથમદર્શનીય કેસ હોવાનું જણાઇ છે. વધુમાં, હાલની જામીન અરજીના કામે અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી ધ્વારા મુખ્યત્વે અરજદાર/આરોપીને સદર ગુન્હાના કામે ખોટી રીતે સંડોવી દેવામાં આવેલ હોવાની દલીલ કરવામાં આવેલ છે પરંતુ, તે પુરાવાનો વિષય હોય, હાલની જામીન અરજીના તબકકે તે અંગે વિશેષ કોઇ ચર્ચા કરવાનું ઉચિત જણાતુ નથી. વધુમાં, આ કામે રજુ તપાસ કરનાર અધિકારીનું સોગંદનામું વંચાણે લેતાં, આ કામના અરજદાર/આરોપી સામે અગાઉ (૧) બોરતળાવ પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૧૯૮૦૧૫૨૧૧૧૭૮/૨૦૨૧ ઈ.પી.કો. કલમ–૩૮૪, ૫૦૬(૧), ૧૧૪, (૨) દાઠા પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૧૯૮૦૧૪૨૫ ૦૩૩૩/૨૦૨૫ બી.એન.એસ. કલમ ૩૦૮(૬), ૩૧૮(૨), ૩૧૯(૨), ૨૦૪, ૫૪, (૩) દાઠા પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૧૯૮૦૧૪૨ ૫૦૩૩૫/૨૦૨૫ બી.એન.એસ. કલમ–૨૦૫, (૪) નવરંગપુરા પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર ગુના રજી. નં.૧૧૧૯૧૦૩૬૨૫૦૨૨૪/૨૦૨૫ બી.એન.એસ. કલમ–૩૧૬(૨), ૩૧૮(૪), ૩૩૬(૨), ૩૩૬(૩), ૩૩૭, ૩૪૦(૨), ૩૪૧(૧), ૩૪૧(૨), ૩૪૭(૨), ૫૪ તથા (૫) સરથાણા સુરત શહેલ પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૨૧૦૦૦૮૨૦૧૧૭૭/૨૦૨૦ ઈ.પી.કો. કલમ ૫૦૪, ૫૦૬(૨), ૫૦૭, ૪૪૮, ૧૧૪ મુજબના ગુન્હા

નોંધાયેલ હોવાનું જણાવેલ છે. તે ધ્યાને લેતાં અરજદાર/આરોપી ગુન્હાહિત ભુતકાળ ધરાવતા હોવાનું જણાઇ આવે છે. વધુમાં, અરજદાર/આરોપી ધ્વારા અગાઉ એફ.આઇ.આર. આધારિત જામીન ઉપર મુકત કરવા માટે પ.ફો.અ.નં.૧૯૩૩/૨૦૨૫ થી અરજી કરવામાં આવેલ હતી જે અત્રેની કોર્ટ ધ્વારા નામંજુર કરવામાં આવેલ છે. તેમજ હાલ ચાર્જશીટ થયા બાદ કોઇ બદલાયેલ સંજોગો રેકર્ડ ઉપર લાવવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ નિવડેલ છે. વધુમાં, જો અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવે તો ફરિયાદી તથા સાહેદોને ધાક ધમકી આપે અને પુરાવા સાથે ચેડા કરે તેવી શકયતા હોવાની તથા ફરી આ પ્રકારની ગુન્હાહિત પ્રવૃત્તિઓ ચાલુ રાખે તેવી શકયતા હોવાની વિ.એ.પી.પી.શ્રીની દલીલ હાલના તબકકે નકારી શકાય તેમ નથી. તે તમામ સંજોગોમાં, આ કામના અરજદાર/આરોપી સદર ગુન્હાના કામે રોલ, ગુન્હાની હકીકત, ગુન્હાનો પ્રકાર, ગુન્હાનું સ્વરુપ, ગુન્હાની ગંભીરતા તથા સજાની જોગવાઇ તથા અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરતી વખતે ધ્યાને લેવા પાત્ર તમામ પાસાઓ ધ્યાને લેતાં, અરજદાર/આરોપી માત્ર સ્ત્રી વર્ગના હોવાના એક માત્ર કારણસર આરોપીને જામીન ઉપર મુકત કરવા સંદર્ભે બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ અન્વયેની વિવેકાધિન સત્તાનો ઉપયોગ હાલના તબકકે આ કામના અરજદાર/આરોપીની તરફેણમાં કરવા માટેનો આ યોગ્ય કેસ હોવાનું જણાઇ આવતુ નથી. જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

(૧) આ કામના અરજદાર/આરોપીની હાલની રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા માટેની અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

આજરોજ તા.૧૭'મી માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : ભાવનગર.
તારીખ : ૧૭/૦૩/૨૦૨૬

(હેતલ સુરેશચંદ્ર દવે)
૩'જા એડી. ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ,
ભાવનગર.

Bhavik

UI CODE NO.GJ00693